# પ્રકરણ : પાંચ

# ઉપસંહાર : કેટલાંક નિરીક્ષણ અને નિષ્કર્ષ

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં સંશોધનની અનેક શક્યતાઓ છે. આ સમયગાળાના, સર્જકલક્ષી અને કૃતિલક્ષી અનેક સંશોધન-સંપાદનો થતાં આવ્યાં છે. સાથેસાથે મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યમાં કથાઘટકોનો અભ્યાસ પણ પ્રાપ્ત થાય છે. જેમાં સોમાભાઈ પારેખે 'પંચદંડ'ની વાર્તાઓનો તુલનાત્મક અભ્યાસ કરીને, તેમાં પ્રયોજાયેલાં કથાઘટકોનો સમીક્ષાત્મક અભ્યાસ કર્યો છે. પ્રવીણ અ.શાહે શિવદાસની 'કામાવતી'ની વાર્તાની અધિકૃત વાચના તૈયાર કરીને એમાં પ્રયોજાયેલાં કથાઘટકોનો સામ્યમૂલક અભ્યાસ કર્યો છે. હીરાબેન પાઠકે શામળકૃત 'ચંદ્ર-ચંદ્રાવતી વારતા'ની સમીક્ષીત વાચના કરી, એમાં પ્રયોજાયેલાં કથાઘટકોનો વિગતે અભ્યાસ કર્યો છે. આ અભ્યાસોમાં મોટાભાગે જે તે કૃતિની અધિકૃત વાચના તૈયાર કરીને એ કૃતિમાં પ્રયોજાયેલાં કથાઘટકોનો અભ્યાસ કરવામાં આવ્યો છે. આ સમયગાળામાં કથાઘટકોનો જે અભ્યાસ પ્રાપ્ત થાય છે તે મુખ્યત્વે પદ્યવાર્તાની કૃતિઓનો પ્રાપ્ત થાય છે. પ્રસ્તુત સંશોધન કાર્ય અંતર્ગત પ્રેમાનંદનું કોઇ એક આખ્યાન નહીં, પરંતુ તેમની સમગ્ર આખ્યાનકૃતિઓમાં પ્રયોજાયેલાં કથાઘટકોની કાર્યસાધકતા તપાસવાનો અને સામ્યમૂલક અભ્યાસ કરવાનો ઉપક્રમ રાખ્યો છે. એ રીતે પણ આ સંશોધન કાર્ય પૂર્વે થયેલાં મધ્યકાલીન સાહિત્ય સંશોધનો અથવા તો પ્રેમાનંદ વિષયક સંશોધનોથી જુદું પડે છે.

પ્રેમાનંદની આખ્યાનકૃતિઓમા પ્રયોજાયેલાં કથાઘટકો છેક રામાયણ-મહાભારતથી માંડીને વેદો-પુરાણો, લોકવારતાઓ, લોકપ્રચલિત કથાઓ અને પ્રાચીન-મધ્યકાલીન કથાસાહિત્યની કૃતિઓમાં વિધવિધ રીતે પ્રાપ્ત થાય છે. ઘણાં વરસોથી લઈને આજપર્યન્ત આ કથાઘટકો પુનરાવર્તન પામીને કાળનાં પ્રવાહમાં ટકી રહ્યાં છે. જેમાનાં કેટલાંક કથાઘટકો તો ચિરંજીવ બની ગયાં છે, જેમકે 'અનુરાગનો ઉદ્દગમ', 'અપરમાનુંઆળ', 'દૂતકાર્ય', 'પરકાયાપ્રવેશ', 'લિંગપરિવર્તન' વગેરે. આ કથાઘટકોને કોઈ પ્રદેશ કે દેશની સીમાઓ ક્યાંય નડી નથી. 'સોનેરીવાળવાળી રાજકુમારી'નું કથાઘટક ભારતીય લોકકથામાં પણ પ્રાપ્ત થાય અને અમેરીકાની લોકકથામાંય મળી આવે. આ કથાઘટકો જે તે પ્રદેશ પૂરતાં મર્યાદિત ન રહેતાં વૈશ્વિક બની ગયા છે. આ કથાઘટકોમાં અસાધારણ તત્ત્વ છે કે અનેક પ્રજાવર્ગોની સામૂહિક સ્મૃતિમાં સચવાઈ રહ્યાં છે. એ દષ્ટિએ પ્રેમાનંદની આખ્યાનકૃતિઓમાં પ્રયોજાયેલાં કથાઘટકોનો અભ્યાસ મને પ્રસ્તુત લાગે છે.

પ્રેમાનંદની આખ્યાનકૃતિઓનાં કથાઘટકોનો અભ્યાસ આખ્યાન સ્વરૂપસંદર્ભે કરવાનો હોવાથી આખ્યાન સ્વરૂપની વિલક્ષણાનો પ્રભાવ આ કથાઘટકો પર પડ્યો છે કે નહિ તે પણ રસનો વિષય છે. આખ્યાન એ ગાઈ-સંભળાવીને ભજવવાની પ્રત્યક્ષ કથનકળા છે. આથી કનૈયાલાલ મુનશીએ પ્રેમાનંદની કથનકળા વિશે કહ્યું છે : 'પ્રેમાનંદનાં કાવ્યો વાંચતા એક વસ્તુ તરત નજરે ચડે છે-તેની કથનશક્તિનો વિપુલને વેગભર્યો પ્રવાહ. કૈલાસ પરનો અપ્રતિહત ગંગાવતરણ જેવો પ્રપાત નહીં, કલકત્તા આગળ તરવરતા, ઘસતા તરંગોની મર્યાદાની વિડંબના કરતો મહાનદ. એકે વસ્તુ રહી જતી નથી; એકે ભાવ વિસરાતો નથી; એકે ઉપયોગ વિનાનો થઈ રહેતો નથી. કોઈક વાર કથનશક્તિએ પ્રલયમા મઢ્યો હોય એમ લાગે છે.[૧]' પ્રત્યક્ષ કથનકળાએ પ્રેમાનંદની કથાઓમાં પ્રયોજાયેલાં કથાઘટકોનો મૂળ ગૂણ છે. આ પ્રત્યક્ષીકરણનાં ગૂણનાં કારણે જ આ કથાઘટકો રસપ્રદ લાગ્યાં છે. વળી, આખ્યાનમાં લોકપ્રચલિત પદ્યવાર્તાઓની જેમ આરંભ અને અંત હોય છે. ઘટનાઓનું ક્રમિક આલેખન થતું હોય છે. જેથી લોકપ્રચલિત પદ્યવાર્તાઓની જેમ જ આખ્યાનમાં પ્રયોજાયેલાં કથાઘટકોની ગોઠવણી પણ ક્રમિક, સુવ્યવસ્થિત અને આંતરિક રીતે જોડાયેલી હોય છે.

૧ આદિવચનો અને બીજા વ્યાખ્યાનો, પૃ.૨૬૩-૨૬૪

પ્રેમાનંદની આખ્યાનકૃતિઓમાં પ્રયોજાયેલાં કથાઘટકો એકબીજા સાથે એવી રીતે ગૂંથાયાં છે કે જેના કારણે એક અખંડ કથાકૃતિનો અનુભવ કરાવે છે.

પ્રેમાનંદ એક જ કથાઘટકને જુદીજુદી રીતે પ્રયોજવામાં પણ એટલાં જ નિપુણ છે. જેમકે 'પ્રિયજનના મેળાપની યુક્તિ'નું કથાઘટક બે આખ્યાનકૃતિઓમાં પ્રયોજાયું છે. 'ઓખાહરણ'માં 'પ્રિયજનનું મિલન' 'ચિત્રપટ પર પ્રયોજાયેલાં ચિત્રો વડે' થાય છે. આ ચિત્રપટ વડે સ્વપ્નમાં જોયેલા સ્વામીનું મિલન વાસ્તવિક બને છે. 'નળાખ્યાન'માં પણ 'પ્રિયજનના મેળાપની યુક્તિ'નું કથાઘટક છે. કલિના પ્રભાવથી નળ-દમયંતી છૂટાં પડે છે. જેથી સુદેવ દમયંતીના કહેવાથી નગરે-નગરે જઈને દમયંતીએ કહેલી તેનાં જીવનની 'ગાથાઓ' વર્ણવે છે. નળ એ 'ગાથાઓ' સાંભળે છે ને આગળ વધારે છે. જેથી સુદેવને આ જ નળ છે એવી ઝાંખી થાય છે. આ રીતે 'પ્રિયજનનું મિલન' 'દુહા કે ગાથા'ને આધારે થાય છે.

આખ્યાનનું કથાવસ્તુ મુખ્યત્વે પૌરાણિક, ધાર્મિક અને કંઈક ઐતિહાસિક હોય છે. જેથી તેમાં સંસ્કૃતિના વિશેષો પ્રગટ થતા હોય છે. તેમાં ચમત્કારિક અને બુદ્ધિચાતુર્યનાં કથાઘટકોને પણ સ્થાન હોય છે. જેમકે 'મૃતસજીવન' અને 'અક્ષરબદલો'નું કથાઘટક. 'મૃતસજીવન'નું કથાઘટક 'ચંદ્રહાસાખ્યાન', 'મદાલસા-આખ્યાન' અને 'રણયજ્ઞ' આખ્યાનમાં પ્રયોજાયું છે. આ કથાઘટકનું પ્રયોજન મૃતવ્યક્તિને સજીવન કરવાનું નિશ્ચિત હોય છે. જો કે જુદાં જુદાં આખ્યાનમાં તેનું વિભાવન કાર્ય જુદી જુદી રીતે થતું હોય છે. કોઈકમાં આદ્યશક્તિની સહાયતાથી, તો કોઈકમાં નાગની સહાયતા વડે કે પછી ચમત્કારિક જડીબુટ્ટી વડે જે તે વ્યક્તિ સજીવન થતી હોય છે. 'ચંદ્રહાસાખ્યાન'માં પ્રયોજાયેલ 'અક્ષરબદલો' કથાઘટકનું પ્રયોજન પણ કેટલું વિશિષ્ટ છે. વિષયા જાણે છે કે અક્ષર બદલવાથી, વિષનું વિષયા કરવાથી ચંદ્રહાસની ચોક્કસ પ્રાપ્તિ થશે અને જો અક્ષર બદલવામાં નહીં આવે તો ચંદ્રહાસ મૃત્યુ પામશે. આ રીતે, દરેક કથાઘટકોનું પ્રયોજન વિશિષ્ટ તો હોય છે જ, અને કાર્યસાધક પણ એટલું જ હોય છે.

આખ્યાન સ્વરૂપ મુખ્યત્વે મધ્યકાલીન સાહિત્ય સ્વરૂપ છે. જેથી તેમાં મધ્યકાલીન સામાજજીવન અને ગુજરાતી જીવનશૈલી તેમજ ધાર્મિક સંદર્ભોને ચોક્કસ સ્થાન પ્રાપ્ત થાય. તેમાં મધ્યકાલીન પ્રજા-માનસના પોતીકા સામાજિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક સંદર્ભો ધરાવતાં કથાઘટકો પણ મળ્યાં વિના ન રહે. જેમકે 'મામેરું' આખ્યાનમાં 'રૂપધારણ'નાં કથાઘટકમાં વિષ્ણુ-કૃષ્ણ દામોદર દોશીનું અને દેવી લક્ષ્મી કમલા શેઠાણીનું 'રૂપધારણ' કરે છે તેમાં ગુજરાતી વણિક સંસ્કૃતિનાં દર્શન થાય છે. તો આ જ આખ્યાનમાં પ્રયોજાયેલ 'ભાભીનું મ્હેણું' 'નણંદનું મ્હેણું' વગેરે કથાઘટક એ સમયની સામાજિક અને માનસિક સ્થિતિનું સૂચન કરે છે. 'મ્હેણાં'નું કથાઘટક વર્તમાન સમયમાં હજીય એટલું જ પ્રસ્તુત છે.

પ્રેમાનંદે આખ્યાનના કથાવસ્તુને પ્રજા સમૂહ વચ્ચે જઇને ગાઇને સંભળાવવાનું હતુ. જેથી તેમને પ્રયોજેલાં કથાઘટકોની પસંદગી પણ કરવી પડતી હશે. કેમકે શ્રોતાગણમાં તો અબાલવૃદ્ધ સૌ હોવાનાં, જેથી જો શ્રોતા સમૂહમાં યુવક-યુવતીઓનું પ્રમાણ વધુ હશે તો પ્રેમાનંદ 'અનુરાગબીજનો ઉદ્દગમ' જેવા કથાઘટક વડે ઓખા-અનિરુદ્ધની પ્રેમકથાનું રસિક આલેખન કરતા હશે, જો શ્રોતા સમૂહમાં સ્ત્રીઓનું પ્રમાણ વધારે હશે તો 'સતીત્વરક્ષાનું સ્ત્રીચાતુર્ય'નું કથાઘટક પ્રયોજતાં હશે. જેમકે મદાલસા ચતુરાઇથી પોતાના ચરિત્રની રક્ષા કરે છે. વળી શ્રોતા સમૂહમાં મોટી ઉંમરનાં વડીલો હશે તો પ્રેમાનંદ 'યુદ્ધે-વિઘ્નમુક્તિ' કે 'પ્રભુની ભક્તને સહાય' જેવાં કથાઘટકની માંડણી કરતા હશે. આમ, પ્રેમાનંદ કથાઘટકોની પસંદગી શ્રોતાવર્ગને ધ્યાનમાં રાખીને કરતા હશે તેવી પણ એક ધારણા બાંધી શકાય. આ સંદર્ભમાં અનંતરાય રાવળનુ આ વિધાન માર્મિક છે : 'કથાકારની નજર હંમેશા શ્રોતા સમાજ સામે રહેવાની શ્રોતા સમાજને વાસ્તવિક લાગે, એમને રસોદ્બોધક બને અથવા એમની કલ્પનામાય એવું જ આલેખન... જરૂરી બનતાં એમનું પ્રાકૃતિકરણ આખ્યાનકાર પ્રેમાનંદને હાથે થઇ ગયું છે.[૨]'

પ્રેમાનંદે જે કથાઘટકો પ્રયોજ્યાં છે તે સાહજિક છે. કથામાં જ્યારે જ્યારે સમસ્યા આવીને ઊભી થાય ત્યારે ત્યારે તેમને જે તે કથાઘટક પાસેથી જે તે ક્ષણે બખૂબીથી કામ લીધું છે. તેઓ માત્ર

૨ પ્રેમાનંદની આખ્યનકલા એ લેખમાંથી, પ્રેમાનંદની કાવ્યકૃતિઓ ખંડ-૧, સં. કે. કા. શાસ્ત્રી અને શિવલાલ જેસલપુરા, બી.આ. પૃ. ૩૭

કથાઘટકનું આલેખન કરીને અટકી જતા નથી પરંતુ, એ વડે કથામાં ઘટસ્ફોટ કરે છે. આખ્યાનકાર પ્રેમાનંદ છેક છેલ્લી ક્ષણ સુધી ભાવકને મૂંઝવણમાં રાખે છે કે હવે કથામાં આગળ શું થશે? એ વખતે તેઓ કથાઘટકનાં આલેખન વડે કથાને ઇચ્છિત વળાંક તરફ લઇ જાય છે. આખ્યાનોમાં આવાં અનેક દૃષ્ટાંતો પ્રાપ્ત થાય છે. જેમકે ચંદ્રહાસાખ્યાનમાં દ્યુષ્ટબુદ્ધિ ચંદ્રહાસને કપટપૂર્વક પત્ર લઇને પુત્ર મદન પાસે મોકલે છે. પત્રમાં આવનાર વ્યક્તિને વિષ આપવાની વાત આલેખાઇ છે. ચંદ્રહાસ આ વાતથી સાવ અજાણ છે. ત્યારે ભાવકનાં મનમાં સહજ થાય કે ચંદ્રહાસનું શું થશે? વિષથી તે મૃત્યુ પામશે કે કેમ? આવા નાજુક સમયે છેક છેલ્લી ઘડીએ પ્રેમાનંદ બુદ્ધિચાતુર્ય-અક્ષરબદલોના કથાઘટકનું આલેખન કરે છે. વિષયા પત્રમાં વિષને બદલે વિષયા કરી દે છે. એક કાનો ઉમેરવાથી આખા પત્રનો અર્થ બદલાઇ જાય છે. આવા અનેક કારણોસર પ્રેમાનંદે પ્રયોજેલાં કથાઘટકો ચિરંજીવી બન્યા છે. વર્ષો પછી પણ હૃદયને આકર્ષે તેવાં અનેક કથાઘટકો પ્રેમાનંદની આખ્યાન કૃતિઓમાંથી પ્રાપ્ત થાય છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં પ્રેમાનંદની અખ્યાનકથાઓ આખ્યાન પરંપરામાં સમૃદ્ધ છે. વળી, એમાં જે કથાઘટકો આલેખાયાં છે એમને તો આ કથાઓને તેજ અર્પ્યું છે.  આ કથાઘટકો દ્વારા રચાતી કથાસંરચનાએ મધ્યકાલીન જનસમૂહ પર કામણ કર્યું હશે. આ કથાઘટકોનું કૃતિમાં કાર્યસાધક આલેખન પ્રેમાનંદને આખ્યાન શિરોમણિ બનાવે છે. માટે વારંવાર કહેવાનું મન થાય કે પ્રેમાનંદની આખ્યાનકૃતિઓમાં પ્રયોજાયેલાં કથાઘટકો એ મધ્યકાલીન કથનાત્મક કવિતાનું ઊજળું પાસું છે. ભારતીય કથાસાહિત્યનું મહામૂલું ધન છે.

ભારતીય કથાસાહિત્ય અન્તર્ગ લગભગ બધી જ ભારતીય ભાષાઓમાં કથાઘટક સંદર્ભે સંશોધનો-અભ્યાસો થયા હશે. પરંતુ, ભાષાકીય મર્યાદાઓને કારણે બધે પહોંચી શકાતુ નથી. જ્યાં જ્યાં કથા છે ત્યાં ત્યાં કથાઘટક હોવાના જ. શિષ્ટ સંસ્કૃત સાહિત્યની વાત કરીએ તો કવિ કાલિદાસ નાં મહાકાવ્યો અને નાટકોમાં કથાઘટકો પ્રયોજાયાં છે. જેમકે 'મેઘદૂત'માં 'સજાનાં ભાગરૂપે દેશવટો ભોગવતો નાયક' અને 'પ્રેમનાં સંદેશાવાહકનું દૂતકર્મ' કરતો મેઘ. મધ્યકાલીન હિન્દી કવિતાના પ્રસિધ્ધ કવિ મલેક મહમંદ જાયસીનાં 'પદમાવત' મહાકાવ્યમાં 'અનુરાગનો ઉદગમ', 'દૂતકર્મ',

'ભાવિ સંકેત' જેવાં કથાઘટકો પ્રાપ્ત થાય છે. 'કથાસરિત્સાગર' તો કથાઓનો સાગર છે તેમાં અનેક કથાઘટકો પણ ઊડીને આંખે વળગે છે. આ રીતે કથામાત્રમાં કથાઘટકો પ્રયોજાતાં હોય છે. એટલે આ સંશોધનનો ઉપક્રમ પ્રેમાનંદની આખ્યાનકૃતિઓમાં પ્રયોજાયેલાં કથાઘટકોની કાર્યસાધકતા તપાસવાનો રાખ્યો છે. સંશોધનની દિશામાં જો એક ડગલું પણ આગળ ભરી શકાયું હોય તો હું મારો વિદ્યાકીય શ્રમ કંઈક સાર્થક થયો છે તેમ માનીશ.

■

**સંદર્ભ પુસ્તકો :**


અવધી લોકમહાકાવ્ય ચનૈનીઃ કૃતિનિષ્ઠ અભ્યાસ, ડૉ.હસુ યાજ્ઞિક, એન.એસ.પટેલ આર્ટ્સ કૉલેજ, આણંદ, ૨૦૧૫

આદિવચનો અને બીજા વ્યાખ્યાનો, કનૈયાલાલ મુનશી, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, ૧૯૪૩

ચંદ્ર-ચંદ્રાવતી વારતા, હીરા રામનારાયણ પાઠક, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, ૧૯૬૮

પ્રેમાનંદને પગલે પગલે, રાજેશ પંડ્યા, મહાકવિ પ્રેમાનંદ મહોત્સવ સમિતિ, વડોદરા, ૨૦૧૫

પ્રેમાનંદ : એક અધ્યયન, સં.ડૉ.ભારતી શર્ધૂ અને ડૉ.કૃષ્ણકાન્ત કડકિયા, ભોળાભાઇ જેશિંગભાઇ અધ્યયન-સંશોધન વિદ્યાભવન, અમદાવાદ, ૨૦૦૫

પ્રેમાનંદની કાવ્યકૃતિઓ ખંડ ૧, ૨, ડૉ.શિવલાલ જેસલપુરા, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ, ૧૯૯૮

પ્રેમાનંદનો પ્રતિભાવિશેષ, આરતીત્રિવેદી, ગૂર્જર એજન્સીઝ, અમદાવાદ, ૧૯૯૦

પ્રેમાનંદનો પ્રતિભાવિશેષ ૨, આરતીત્રિવેદી, ગૂર્જર એજન્સીઝ, અમદાવાદ, ૧૯૯૩

મેઘદૂત, સં.ડૉ.ગૌતમ વાડીલાલ પટેલ, પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ, ૧૯૬૬

લોકસાહિત્ય તત્ત્વ અને તંત્ર, ડૉ.અમૃતપટેલ, પાર્શ્વ પબ્લિકેશન : અમદાવાદ, ૨૦૧૪